ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ સંચાલિત

જે એન્ડ જે કોલેજ ઓફ સાયન્સ, નડિયાદ

આ પ્રશ્ન પુસ્તિકામાં
46 છાપેલા પાનાં છે.

# LBPH-26

Question Booklet Code : **B**

કુલ ગુણ : 210

સમય : 3 કલાક

બેઠક ક્રમાંક : | | | | |

તારીખ : 23/08/2026

**સૂચના મળે નહિ તે પહેલા પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં.**

## ::: ઉમેદવારોને સૂચનાઓ :::

૧. પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે.

૨. દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે.

૩. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબ દીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કિંગ લાગુ પડશે.

૫. દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" "NOT ATTEMPTED" રહેશે, ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઈચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "NOT ATTEMPTED" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં.

૬. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કિંગ) કરવામાં આવશે.

૭. પરિક્ષા પૂર્ણ થયે ઉમેદવારે OMR સીટ બ્લોક સુપરવાઈઝરશ્રીને આપવાની રહેશે.

ઉમેદવારની સહી

બ્લોક સુપરવાઈઝરની સહી

## SPACE FOR ROUGH WORK / રફ કામ કરવાની જગ્યા

| | | |
|---|---|---|
| 1. | | એક હોડીની સ્થિર પાણીમાં ઝડપ 10 કિમી/કલાક અને પ્રવાહની ઝડપ 2 કિમી/કલાક છે. પ્રવાહની દિશામાં 36 કિમી અંતર કાપતા **કેટલો સમય** લાગશે ? |
| | (A) | 3 કલાક |
| | (B) | 4 કલાક |
| | (C) | 4.5 કલાક |
| | (D) | 2.5 કલાક |
| | (E) | NOT ATTEMPTED |
| 2. | | A,B અને C અનુક્રમે રૂા. 20000, રૂા. 25000 અને રૂા. 30000 રોકી ધંધો શરૂ કરે છે. વર્ષના અંતે રૂા. 15000 નફો થાય તો B નો **ભાગ કેટલો ?** |
| | (A) | રૂા. 4000 |
| | (B) | રૂા. 5000 |
| | (C) | રૂા. 6000 |
| | (D) | રૂા. 4500 |
| | (E) | NOT ATTEMPTED |
| 3. | | બે સંખ્યાઓનો સરવાળો 25 અને તફાવત 13 છે. તો તે બે સંખ્યાઓનો **ગુણાકાર** કેટલો ? |
| | (A) | 104 |
| | (B) | 114 |
| | (C) | 315 |
| | (D) | 124 |
| | (E) | NOT ATTEMPTED |
| 4. | | રૂા. 1,000 ની વસ્તુ ક્રમશઃ 10% અને 20% વળતર આપવામાં આવે તો અંતિમ કિમત કેટલી થાય ? |
| | (A) | રૂા. 700 |
| | (B) | રૂા. 720 |
| | (C) | રૂા. 800 |
| | (D) | રૂા. 750 |
| | (E) | NOT ATTEMPTED |
| 5. | | રૂા. 5000 નું 10% લેખે 3 વર્ષનું સાદુ વ્યાજ કેટલું થાય ? |
| | (A) | રૂા. 1500 |
| | (B) | રૂા. 1000 |
| | (C) | રૂા. 1200 |
| | (D) | રૂા. 1800 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 6. | | રૂા. 2000 નું 10% લેખે 2 વર્ષનું **ચક્રવૃદ્ધિ વ્યાજ** કેટલું થાય ? |
| | (A) | રૂા. 400 |
| | (B) | રૂા. 420 |
| | (C) | રૂા. 440 |
| | (D) | રૂા. 410 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 7. | | એક લંબચોરસની લંબાઈ 15 સેમી અને પહોળાઈ 10 સેમી છે, તો તેનું **ક્ષેત્રફળ** કેટલું ? |
| | (A) | 50 ચો.સેમી |
| | (B) | 150 ચો.સેમી |
| | (C) | 100 ચો.સેમી |
| | (D) | 25 ચો.સેમી |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 8. | | જે વર્તુળની ત્રિજ્યા 7 સેમી હોય, તેનો **પરિઘ** કેટલો થાય ? |
| | (A) | 44 સેમી |
| | (B) | 88 સેમી |
| | (C) | 154 સેમી |
| | (D) | 22 સેમી |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 9. | | 5 સેમી બાજુવાળા સમઘનનું **ઘનફળ** કેટલું થાય ? |
| | (A) | 25 ઘનસેમી |
| | (B) | 100 ઘનસેમી |
| | (C) | 125 ઘનસેમી |
| | (D) | 150 ઘનસેમી |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 10. | | 4 અને 16 નો **ગુણોત્તર મધ્યક** શોધો. |
| | (A) | 10 |
| | (B) | 8 |
| | (C) | 12 |
| | (D) | 6 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 11. | | નીચેનામાંથી સૌથી મોટો અપૂર્ણાંક કયો છે ? |
| | (A) | 2/3 |
| | (B) | 3/4 |
| | (C) | 5/6 |
| | (D) | 7/8 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 12. | | $(213)^6$ માંએકમનો અંક કયો હશે ? |
| | (A) | 3 |
| | (B) | 9 |
| | (C) | 1 |
| | (D) | 7 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 13. | | એક વ્યક્તિ A થી B 20 કિમી/કલાકની ઝડપે જાય છે અને 30 કિમી/કલાકની ઝડપે પાછો આવે છે. આખી મુસાફરીની **સરેરાશ ઝડપ** શોધો. |
| | (A) | 25 કિમી/કલાક |
| | (B) | 24 કિમી/કલાક |
| | (C) | 26 કિમી/કલાક |
| | (D) | 22 કિમી/કલાક |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 14. | | એક છૂટક વેપારીને એક વસ્તુની છાપેલ કિંમત પર 32%નું ડિસ્કાઉન્ટ મળે છે. એ છૂટક વેપારી તેને છાપેલ કિંમતે વેચે છે. તો તેને મળેલ **નફાના ટકા** કેટલા થશે ? |
| | (A) | 36.34% |
| | (B) | 41.45% |
| | (C) | 47.06% |
| | (D) | 44.66% |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 15. | | અજય 30% નફામાં સાઈકલ વેચે છે. જો પડતર કિંમત અને વેચાણ કિંમત બંનેમાં રૂા. 40 નો ઘટાડો કરવામાં આવે તો, નફો 40% થાય છે. પ્રારંભિક **પડતર કિંમત** કેટલી છે ? |
| | (A) | રૂા. 160 |
| | (B) | રૂા. 180 |
| | (C) | રૂા. 240 |
| | (D) | રૂા. 200 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 16. | | **'તેણે નિબંધ લખ્યો'** – આ કયા પ્રકારનું વાક્ય છે? |
| | (A) | કર્મણિ |
| | (B) | કર્તરી |
| | (C) | ભાવે |
| | (D) | પ્રેરક |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 17. | | **'નિરંતર'** શબ્દની સાચી સંધિ છૂટી પાડો. |
| | (A) | નિર + અંતર |
| | (B) | નિઃ + અંતર |
| | (C) | નીર + અંતર |
| | (D) | નિરં + તર |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 18. | | **'દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે'** – આ કયો અલંકાર છે? |
| | (A) | રૂપક |
| | (B) | ઉત્પ્રેક્ષા |
| | (C) | ઉપમા |
| | (D) | વ્યતિરેક |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 19. | | **'પંકજ'** શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો. |
| | (A) | કમળ |
| | (B) | આકાશ |
| | (C) | પર્વત |
| | (D) | સૂર્ય |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 20. | | **'ઉદ્યમી'** શબ્દનો વિરોધી શબ્દ આપો. |
| | (A) | આળસુ |
| | (B) | મહેનતુ |
| | (C) | હોંશિયાર |
| | (D) | નિર્બળ |
| | (E) | NOT ATTEMPTED |

| 21. | | નીચેનામાંથી **કઈ જોડણી સાચી** છે ? |
|---|---|---|
| | (A) | આશીર્વાદ |
| | (B) | આશિવિર્વાદ |
| | (C) | આશિર્વાદ |
| | (D) | આસીર્વાદ |
| | (E) | NOT ATTEMPTED |

| 22. | | **'નવરાત્રિ'** કયો સમાસ છે ? |
|---|---|---|
| | (A) | તત્પુરુષ |
| | (B) | દ્વંદ્વ |
| | (C) | કર્મધારય |
| | (D) | દ્વિગુ |
| | (E) | NOT ATTEMPTED |

| 23. | | **'મેં ચોપડી વાંચી'** – આ વાક્યમાં કઈ ભૂલ છે ? |
|---|---|---|
| | (A) | પદક્રમની |
| | (B) | પદસંવાદની |
| | (C) | વાક્ય શુદ્ધ છે |
| | (D) | વિભક્તિની |
| | (E) | NOT ATTEMPTED |

| 24. | | **'જેને શત્રુ નથી તે'** – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. |
|---|---|---|
| | (A) | અજીત |
| | (B) | અજાતશત્રુ |
| | (C) | નિર્ભય |
| | (D) | અજન્મા |
| | (E) | NOT ATTEMPTED |

| 25. | | **'આકાશ-પાતાળ એક કરવા'** – રૂઢિપ્રયોગનો અર્થ આપો. |
|---|---|---|
| | (A) | ખૂબ મહેનત કરવી |
| | (B) | મુસાફરી કરવી |
| | (C) | ઝઘડો કરવો |
| | (D) | નસીબ અજમાવવું |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 26. | બંધારણના કયા અનુચ્છેદમાં રાજ્યના બજેટની જોગવાઈ છે ? | |
| | (A) | ART-112 |
| | (B) | ART-202 |
| | (C) | ART-280 |
| | (D) | ART-282 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 27. | જિલ્લા આયોજન મંડળની રચના ગુજરાતમાં ક્યાર થી શરૂ કરવામાં આવી ? | |
| | (A) | 1978 |
| | (B) | 1980 |
| | (C) | 1982 |
| | (D) | 1984 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 28. | અંદાજપત્ર કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે ? | |
| | (A) | નાણાપ્રધાન |
| | (B) | નાણાખાતું |
| | (C) | નાણાપંચ |
| | (D) | અંદાજપત્ર શાખા |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 29. | ડેડ સ્ટોક રજીસ્ટરમાં શું નોંધવામાં આવે છે ? | |
| | (A) | નવા ખરીદાયેલા સાધનો |
| | (B) | જૂના અને નવા સાધનો |
| | (C) | વણવપરાયેલ પડી રહેલ સાધનો |
| | (D) | ઉપરમાંથી એકપણ નહિ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 30. | જાહેર માહિતી અધિનિયમ-૨૦૦૫ મુજબ તમે નીચેની કઈ કલમ અનુસાર અપીલ કરી શકો ? | |
| | (A) | કલમ-૦૫ |
| | (B) | કલમ-૦૯ |
| | (C) | કલમ-૧૧ |
| | (D) | કલમ-૧૯ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 31. | | She __________ a letter now. |
| | (A) | writes |
| | (B) | wrote |
| | (C) | is writing |
| | (D) | will write |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 32. | | Copper is ________ useful metal. |
| | (A) | a |
| | (B) | an |
| | (C) | the |
| | (D) | No article |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 33. | | Each of the students _____ given a prize. |
| | (A) | were |
| | (B) | was |
| | (C) | are |
| | (D) | have |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 34. | | He runs very _______. |
| | (A) | fastly |
| | (B) | fast |
| | (C) | faster |
| | (D) | fastest |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 35. | | The cat is sitting _________ the table. |
| | (A) | in |
| | (B) | on |
| | (C) | between |
| | (D) | over |
| | (E) | NOT ATTEMPTED |

| 36. | | What is the synonym of **'ABANDON'?** |
|---|---|---|
| | (A) | Keep |
| | (B) | Leave |
| | (C) | Start |
| | (D) | Allow |
| | (E) | NOT ATTEMPTED |

| 37. | | What is the antonym of **'ANCIENT'?** |
|---|---|---|
| | (A) | Old |
| | (B) | Modern |
| | (C) | Past |
| | (D) | Historical |
| | (E) | NOT ATTEMPTED |

| 38. | | A person who lives at the same time as another. |
|---|---|---|
| | (A) | Contemporary |
| | (B) | Colleague |
| | (C) | Cosmopolitan |
| | (D) | Chronological |
| | (E) | NOT ATTEMPTED |

| 39. | | Rearrange : **is/a/India/country/great.** |
|---|---|---|
| | (A) | country is India a great. |
| | (B) | India is a great country |
| | (C) | a great country India is. |
| | (D) | great country India is a. |
| | (E) | NOT ATTEMPTED |

| 40. | | **'Honesty is the best policy'** |
|---|---|---|
| | (A) | પ્રામાણિકતા સારી બાબત છે. |
| | (B) | પ્રામાણિકતા શ્રેષ્ઠ નીતિ છે. |
| | (C) | આપણે પ્રામાણિક રહેવું જોઈએ. |
| | (D) | પ્રામાણિકતા એક વ્રત છે. |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 41. | **વિજચુંબકીય વર્ણપટ્ટ**નો કયો વિસ્તાર અણુંની ભ્રમણ-સંક્રાંતી (rotational transition) સાથે સંકળાયેલો છે ? | |
| | (A) | પાર જાંબલી |
| | (B) | પાર રક્ત |
| | (C) | માઈક્રોવેવ |
| | (D) | ક્ષ-કિરણ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 42. | સરળ આવર્ત દોલકની Zero-Point Energy (ZPE) ............ વડે અપાય છે ? | |
| | (A) | hv |
| | (B) | $\frac{3}{2}$ hv |
| | (C) | 2hv |
| | (D) | $\frac{1}{2}$ hv |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 43. | શોષણ વર્ણપટ્ટ ત્યારે પરિણમે છે જ્યારે એક ઈલેક્ટ્રોન .............. ઉર્જા સ્તરો વચ્ચે સંક્રાંતિ કરે છે. | |
| | (A) | ઉપરની નીચેના |
| | (B) | નીચેના થી ઉપરના |
| | (C) | વચ્ચેના |
| | (D) | અહીં દર્શાવેલા તમામ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 44. | નીચેમાંથી **લેમબર્ટ-બિર**નાં નિયમની મર્યાદા કઈ છે ? | |
| | (A) | કણો દ્વારા પ્રકાશનું પ્રકીર્ણ |
| | (B) | નમૂનાનું પ્રસ્ફુરણ |
| | (C) | બિન-એકરંગી વિકિરણ |
| | (D) | અહીં દર્શાવેલ તમામ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 45. | નીચેનામાંથી કઈ વિશ્લેષણ પધ્ધતિ આયનોનો દળથી વિજભારનો ગુણોત્તર આપે છે ? | |
| | (A) | પરમાણું વર્ણપટ્ટશાસ્ત્ર |
| | (B) | NMR વર્ણપટ્ટશાસ્ત્ર |
| | (C) | પાર રક્ત વર્ણપટ્ટશાસ્ત્ર |
| | (D) | દળ (mass) વર્ણપટ્ટશાસ્ત્ર |
| | (E) | NOT ATTEMPTED |

| 46. | **ક્ષ-કિરણો** ઉત્પન્ન કરવા માટે નીચેનામાંથી કયા ઘટકોનો ઉપયોગ કરવામાં આવે છે ? |
|---|---|
| (A) | મેયર ટ્યુબ |
| (B) | વેસ્ટ ટ્યુબ |
| (C) | એંગર ટ્યુબ |
| (D) | કુલીજ ટ્યુબ |
| (E) | NOT ATTEMPTED |

| 47. | નીચેનામાંથી $\alpha$- **કણનું બંધારણ**, કયો વિકલ્પ રજૂ કરે છે ? |
|---|---|
| (A) | એક ઈલેક્ટ્રોન |
| (B) | બે પ્રોટોન અને બે ન્યુટ્રોન |
| (C) | એક ઉચ્ચ ઉર્જાવાળો ફોટોન |
| (D) | એક પોઝીટ્રોન |
| (E) | NOT ATTEMPTED |

| 48. | નીચે આપેલામાંથી કયા પ્રકારના લેસરને ઘન-અવસ્થા પ્રકારના લેસર તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે ? |
|---|---|
| (A) | He-Ne |
| (B) | રૂબી |
| (C) | $Co_2$ |
| (D) | આરગોન |
| (E) | NOT ATTEMPTED |

| 49. | એકજ તત્વના બધા સમસ્થાનિકોના તટસ્થ પરમાણુઓમાં .......... ની સંખ્યા એક સરખી હોય છે. |
|---|---|
| (A) | દળ ક્રમાંક |
| (B) | ન્યુટ્રોન |
| (C) | ઈલેક્ટ્રોન |
| (D) | આપેલ તમામ |
| (E) | NOT ATTEMPTED |

| 50. | He-Ne લેસરમાં સક્રિય માધ્યમ તરીકે ........... હોય છે. |
|---|---|
| (A) | He |
| (B) | Ne |
| (C) | He-Ne |
| (D) | આપેલ તમામ |
| (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 51. | | નીચેમાંથી કયા વિજચુંબકીય વિકિરણને સૌથી ટૂંકી તરંગ લંબાઈ છે ? |
| | (A) | પારરક્ત |
| | (B) | માઈક્રોવેવ |
| | (C) | ગામા |
| | (D) | દશ્યપ્રકાશ |
| | (E) | NOT ATTEMPTED |
| 52. | | આપેલા કોઈ પ્રકારના વિકિરણ માટે તેની પારગમ્યતાની કિંમતનો વિસ્તાર .......... હોય છે. |
| | (A) | 0–1 |
| | (B) | 1–2 |
| | (C) | 3–4 |
| | (D) | 4–5 |
| | (E) | NOT ATTEMPTED |
| 53. | | કઈ ઘટનાનો જીવનકાળ લાંબો હોય છે ? ફ્લુરોસન્સ કે ફોસ્ફોરસન્સ |
| | (A) | ફ્લુરોસન્સ |
| | (B) | ફોસ્ફોરસન્સ |
| | (C) | બંનેનો જીવનકાળ સરખો હોય છે. |
| | (D) | જીવનકાળ આધાર દ્રવ્ય પર હોય છે. |
| | (E) | NOT ATTEMPTED |
| 54. | | સામાન્ય રીતે કયું દ્રવ્ય વિકિરણને અટકાવવા/અવરોધવા માટે વપરાય છે ? |
| | (A) | પ્લાસ્ટિક |
| | (B) | સીસું |
| | (C) | લાકડું |
| | (D) | કાચ |
| | (E) | NOT ATTEMPTED |
| 55. | | નીચેમાંથી કયું વિકિર્ણ–ડિટેકટર સામાન્ય રીતે ગામા સ્પેક્ટ્રોસ્કોપી માટે વપરાય છે ? |
| | (A) | પ્રપોશનલ કાઉન્ટર |
| | (B) | ગાઈગર–મુલર કાઉન્ટર |
| | (C) | HPGe ડિટેકટર |
| | (D) | બબલ ચેમ્બર |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 56. | | નીચેમાંથી હાઈડ્રોજન પરમાણુની કઈ વર્ણપટ્ટ શ્રેણી વીજચુંબકીય વર્ણપટ્ટના દશ્ય વિસ્તારમાં આવેલી છે ? |
| | (A) | બામર શ્રેણી |
| | (B) | ફંડ શ્રેણી |
| | (C) | લેમન શ્રેણી |
| | (D) | પાસ્ચન શ્રેણી |
| | (E) | NOT ATTEMPTED |
| 57. | | નીચેમાંથી કયો ક્વોન્ટમ અંક એક જ કક્ષકમાં રહેલા બે ઈલેક્ટ્રોનને અલગ ઓળખાવી આપે છે ? |
| | (A) | એઝીમુથલ |
| | (B) | મુખ્ય |
| | (C) | ચુંબકીય |
| | (D) | સ્પીન |
| | (E) | NOT ATTEMPTED |
| 58. | | $n=2$ અને $\ell=1$ ક્વોન્ટમ અંકો ધરાવતા બધા કક્ષકોમાં સમાઈ શકતા વધુમાં વધુ ઈલેક્ટ્રોનની સંખ્યા કેટલી થશે ? |
| | (A) | 2 |
| | (B) | 8 |
| | (C) | 4 |
| | (D) | 6 |
| | (E) | NOT ATTEMPTED |
| 59. | | એક તિરાડ ક્ષ–કિરણ ફોટોગ્રાફિક પ્લેટ પર ............. રંગની દેખાશે. |
| | (A) | સફેદ |
| | (B) | રાખોડી |
| | (C) | કાળી |
| | (D) | લાલ |
| | (E) | NOT ATTEMPTED |
| 60. | | ઓગર અસરને કયા પ્રકારની ગણી શકાય ? |
| | (A) | કિરણોત્સર્ગી ઉત્સર્જન |
| | (B) | બિન કિરણોત્સર્ગી સંક્રાંતિ |
| | (C) | નાભી વિખંડન |
| | (D) | ફોટો ઈલેક્ટ્રિક શોષણ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 61. | | કુંબલ વિજભારમાં ........ સંખ્યાના ઈલેક્ટ્રોન્સ હોય છે. |
| | (A) | $6.25 \times 10^{20}$ |
| | (B) | $6.25 \times 10^{18}$ |
| | (C) | $6.25 \times 10^{28}$ |
| | (D) | $6.25 \times 10^{25}$ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 62. | | જ્યારે બે એક સરખા અને વિરુદ્ધ રીતે વીજભારીત ગોળા એકબીજાને સ્પર્શે ત્યારે શું થાય ? |
| | (A) | સમાન બળથી એકબીજાને આકર્ષે છે |
| | (B) | ઓછા બળથી એકબીજાને આકર્ષે છે |
| | (C) | એકબીજાને આકર્ષે છે |
| | (D) | એકબીજાને આકર્ષતા કે અપાકર્ષતા નથી |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 63. | | પ્રેરણથી વીજભારણ ............. થાય છે. |
| | (A) | બે પદાર્થને સીધા સંપર્કમાં લાવવાથી |
| | (B) | બે પદાર્થ વચ્ચે કોઈ સંપર્ક ન હોવા છતાં |
| | (C) | ચુંબકીય ક્ષેત્રના ઉપયોગથી |
| | (D) | પ્રકાશના ઉપયોગથી |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 64. | | જ્યારે એક વીજભારીત પદાર્થને એક તટસ્થ પદાર્થ પાસે લાવવામાં આવે ત્યારે તટસ્થ પદાર્થ ................ થાય છે. |
| | (A) | ધનભારીત |
| | (B) | ઋણભારીત |
| | (C) | ધ્રુવિભુત |
| | (D) | તટસ્થ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 65. | | બે વીજભાર વચ્ચે ઉદ્ભવતું બળ 200 N છે. જે વીજભારો વચ્ચેનું અંતર બમણું કરવામાં આવે તો બળ ............ થાય. |
| | (A) | 50 N |
| | (B) | 100 N |
| | (C) | 200 N |
| | (D) | 400 N |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 66. | | **ડાઈલેક્ટ્રિક** પદાર્થમાં બંધિત વીજભાર ............. ઉદ્ભવે છે. |
| | (A) | એક છેડેથી બીજા છેડે ઈલેક્ટ્રોનના પ્રવાહને કારણે |
| | (B) | પદાર્થની સપાટી પર વધુ માત્રામાં પ્રોટોન્સને કારણે |
| | (C) | પરમાણુ/અણુમાં વિદ્યુતભારના સ્થાનાંતરણને કારણે |
| | (D) | પરમાણુમાં ઉષ્મીય હલચલ/કંપનને કારણે |
| | (E) | NOT ATTEMPTED |
| 67. | | જ્યારે એક ડાઈલેક્ટ્રિકને બાહ્ય વિદ્યુત ક્ષેત્રમાં મુકવામાં આવે ત્યારે તેની અંદર રહેલા પરિણામી વિદ્યુતક્ષેત્રનું શું થાય ? |
| | (A) | તે વધે છે |
| | (B) | તે હોય તેટલું જ રહે છે. |
| | (C) | તે ઘટે છે |
| | (D) | તે શૂન્ય થઈ જાય છે |
| | (E) | NOT ATTEMPTED |
| 68. | | કઈ બાબત કેપેસીટરનું **કેપેસીટન્સ** વધારી શકે છે ? |
| | (A) | પ્લેટનું ક્ષેત્રફળ ઘટાડવાથી |
| | (B) | પ્લેટો વચ્ચેનું અંતર વધારવાથી |
| | (C) | ડાઈલેક્ટ્રિક અચળાંક ઘટાડવાથી |
| | (D) | પ્લેટનું ક્ષેત્રફળ વધારવાથી |
| | (E) | NOT ATTEMPTED |
| 69. | | કેપેસીટરમાં સંગ્રહિત ઉર્જા ........... જેટલી હોય છે. |
| | (A) | $\frac{1}{2}CV^2$ |
| | (B) | IV |
| | (C) | VQ |
| | (D) | $IR^2$ |
| | (E) | NOT ATTEMPTED |
| 70. | | શ્રેણીમાં કુલ કેપેસીટન્સનું મુલ્ય ............... થશે. |
| | (A) | મહત્તમ કરતા બમણું |
| | (B) | કોઈપણ કેપેસીટર કરતા મોટું |
| | (C) | સૌથી નાના કરતા નાનું |
| | (D) | તમામના સરવાળા જેટલું |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 71. | | સ્થિત અવસ્થામાં રહેલ શુધ્ધ DC પરીપથમાં એક કેપેસીટર કેવી રીતે વર્તશે ? |
| | (A) | DC નું AC માં રૂપાંતર કરશે. |
| | (B) | પ્રવાહનું વિવર્ધન કરશે. |
| | (C) | 'શોર્ટ સર્કીટ' તરીકે વર્તશે |
| | (D) | 'ઓપન સર્કીટ' તરીકે વર્તશે |
| | (E) | NOT ATTEMPTED |
| 72. | | એક 2000 μf ના કેપેસીટરને 10V વિદ્યુત સ્થિતિમાનના તફાવતે વીજભારીત કરવામાં આવે છે. તો તેમાં સંગ્રહિત ઉર્જા કેટલી થશે ? |
| | (A) | 0.1 J |
| | (B) | 0.2 J |
| | (C) | 0.3 J |
| | (D) | 0.4 J |
| | (E) | NOT ATTEMPTED |
| 73. | | એર કોર (air core) કેપેસીટરો સામાન્ય રીતે નીચેમાંથી કઈ ઉપયોગીતા માટે વપરાય છે ? |
| | (A) | ઉચ્ચ વોલ્ટેજ પાવર સપ્લાયંસ ફિલ્ટરિંગમાં |
| | (B) | નીચી આવૃત્તિવાળા ઓડિયો પરિપથમાં |
| | (C) | રેડિયો આવૃત્તિના ટ્યુનીંગ પરીપથોમાં |
| | (D) | વિદ્યુત વાહનોમાં ઉર્જા સંગ્રહ કરવામાં |
| | (E) | NOT ATTEMPTED |
| 74. | | ઈલેક્ટ્રિક્સ એ પદાર્થો ............. છે. |
| | (A) | વાહક |
| | (B) | અર્થવાહક |
| | (C) | અવાહક |
| | (D) | ચુંબકીય |
| | (E) | NOT ATTEMPTED |
| 75. | | વાનદ્ ગ્રાફ જનરેટરોએ .......... વોલ્ટેજ અને ......... પાવર ઉપકરણો છે. |
| | (A) | ઊંચા, નીચા |
| | (B) | નીચા, ઊંચા |
| | (C) | નીચા, નીચા |
| | (D) | ઊંચા, ઊંચા |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 76. | | એક બિંદુવત વીજભારથી અંતર બમણું કરવામાં આવે તો નવા બિંદુએ વિદ્યુતક્ષેત્રનું શું થશે ? |
| | (A) | તે મૂળકિંમત કરતા અડધું થશે. |
| | (B) | તે મૂળકિંમત કરતા ચોથા ભાગનું થશે. |
| | (C) | તે બમણું થશે |
| | (D) | તે ચારગણું થશે. |
| | (E) | NOT ATTEMPTED |
| 77. | | એક પોલા વિદ્યુતભારીય ગોલિય વાહકની અંદર વિદ્યુત બળ રેખાઓનું સ્વરૂપ કેવું હોય છે ? |
| | (A) | તે વાહકની સપાટીને સમાંતર હોય છે. |
| | (B) | તે સીધી કેન્દ્રમાંથી પસાર થાય છે. |
| | (C) | તે અસ્તિત્વ ધરાવતી નથી, અંદર વિદ્યુત ક્ષેત્ર શૂન્ય હોય છે. |
| | (D) | તે અસ્ત વ્યસ્ત ગોઠવાયેલી હોય છે. |
| | (E) | NOT ATTEMPTED |
| 78. | | વિદ્યુત દ્વિધ્રુવી ચાકમાત્રનો SI એકમ કેટલો હોય છે ? |
| | (A) | કુલંબ/મીટર |
| | (B) | કુલંબ–મીટર |
| | (C) | જૂલ/કુલંબ |
| | (D) | ફેરાડ/મીટર |
| | (E) | NOT ATTEMPTED |
| 79. | | વિદ્યુત દ્વિધ્રુવીનો કુલ વીજભાર કેટલો હોય છે ? |
| | (A) | 2q |
| | (B) | q/2 |
| | (C) | શૂન્ય |
| | (D) | વિભાજન અંતર પર આધાર રાખે છે. |
| | (E) | NOT ATTEMPTED |
| 80. | | એક વિદ્યુત દ્વિધ્રુવીને સમાન વિદ્યુતક્ષેત્રમાં મુકવામાં આવે છે. તે .......... અનુભવશે પરંતુ ........... નહિ. |
| | (A) | ટોર્ક, પરિણામી બળ |
| | (B) | પરિણામી બળ, ટોર્ક |
| | (C) | સ્થળાંતરણ, પરિભ્રમણ બળ |
| | (D) | આમાંથી એકપણ નહિ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 81. | | વિદ્યુત સ્થિતિમાન ............. રાશી છે. |
| | (A) | સદિશ |
| | (B) | અદીશ |
| | (C) | ટેન્સર |
| | (D) | પરિણામ રહિત |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 82. | | ત્રણ વિદ્યુતભારો $-q$, $Q$ અને $-q$ ને એકબીજાથી સમાન અંતરે રહે તે રીતે એક સીધી રેખા પર મુકવામાં આવે છે. તો આ તંત્રનું પરિણામી વિદ્યુત સ્થિતિમાન શૂન્ય થાય તે માટે ગુણોત્તર $\frac{q}{Q}$ કેટલો હોવો જોઈએ ? |
| | (A) | 1 |
| | (B) | 2 |
| | (C) | 3 |
| | (D) | 4 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 83. | | એક એકમ ધન વીજભારને સમસ્થિતિમાન સપાટી પર ખસેડવા માટે કેટલુ કાર્ય કરવું પડે ? |
| | (A) | 100 જૂલ |
| | (B) | 0 જૂલ |
| | (C) | 1000 જૂલ |
| | (D) | 1 જૂલ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 84. | | બે બિંદુઓ વચ્ચે વિદ્યુત સ્થિતિમાનનો તફાવત 20V હોય ત્યારે થતું કાર્ય 60J છે. તો આ બે બિંદુ વચ્ચે વહેતો વિદ્યુતભાર ............ થશે. |
| | (A) | 30 C |
| | (B) | 120 C |
| | (C) | 3 C |
| | (D) | 1400 C |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 85. | | એક ઈલેક્ટ્રોનને બીજા ઈલેક્ટ્રોન તરફ લાવવામાં આવે છે. તો તે તંત્રની વિદ્યુત સ્થિતિમાન ઉર્જાનું મુલ્ય ............. . |
| | (A) | શૂન્ય થશે |
| | (B) | વધશે |
| | (C) | બદલાશે નહિ |
| | (D) | ઘટશે |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 86. | | જો એક એકમ ધન વિદ્યુતભારને હવામાં રાખવામાં આવે, તો એકમ વિદ્યુતભારમાંથી બહાર નીકળતું કુલ ફ્લક્સ ......... થશે. |
| | (A) | $4\pi\varepsilon_0^{-1}$ |
| | (B) | $4\pi\varepsilon_0$ |
| | (C) | $\varepsilon_0$ |
| | (D) | $\varepsilon_0^{-1}$ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 87. | | એક અનંત લંબાઈના સીધા વિદ્યુતભારીત તારની વિદ્યુત ક્ષેત્રની તીવ્રતા ............ ને સમપ્રમાણમાં હોય છે. |
| | (A) | r |
| | (B) | $r^2$ |
| | (C) | $\frac{1}{r}$ |
| | (D) | $\frac{1}{r^3}$ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 88. | | એક ઋણ વિદ્યુતભારીત અનંત સમતલ શીટની વિદ્યુતક્ષેત્રની બળરેખાઓ .............. હોય છે. |
| | (A) | ત્રિજ્યાવર્તી બહારની દિશામાં |
| | (B) | શીટની ફરતે સમકેન્દ્રી વર્તુળો સ્વરૂપે |
| | (C) | શીટને સમાંતર |
| | (D) | શીટને લંબ અને અંદર તરફ (શીટ તરફ) |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 89. | | ગોસના નિયમ મુજબ, એક સમાન રીતે વીતભારીત ગોલિય કવચની અંદર વિદ્યુતક્ષેત્ર ........... હોય છે. |
| | (A) | કવચની બહાર હોય તેટલું |
| | (B) | કવચની બહાર હોય તેનાથી ઓછું |
| | (C) | શૂન્ય |
| | (D) | કવચની બહાર હોય તેનાથી વધારે |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 90. | | બે સમાન રીતે વિદ્યુત ભારીત ગોલિય કવચો A અને B ની ત્રિજ્યાઓ અનુક્રમે R અને 2R છે. જો બંને સરખો જ કુલ વિદ્યુતભાર Q ધરાવતા હોય તો તેમની બાહ્ય સપાટી પાસેજ વિદ્યુતક્ષેત્રનો ગુણોત્તર કેટલો થશે ? $(E_A/E_B = ?)$ |
| | (A) | 4:1 |
| | (B) | 1:4 |
| | (C) | 2:1 |
| | (D) | 1:2 |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 91. | | જો પ્રવાહો $I_1$ અને $I_2$ એક નોડમાં દાખલ થતા હોય અને પ્રવાહો $I_3$ અને $I_4$ એજ નોડને છોડીને જતા હોય, તો કયું સમીકરણ કીરચોફના પ્રવાહના નિયમને સાચી રીતે પ્રદર્શિત કરશે ? |
| | (A) | $I_1 + I_2 + I_3 + I_4 = 0$ |
| | (B) | $I_1 - I_2 = I_3 - I_4$ |
| | (C) | $I_1 + I_2 = I_3 + I_4$ |
| | (D) | $I_1 + I_3 = I_2 + I_4$ |
| | (E) | NOT ATTEMPTED |
| 92. | | વ્હીસ્ટન બ્રિજમાં અજ્ઞાત અવરોધના માપન માટે કયો ઘટક જવાબદાર હોય છે ? |
| | (A) | ગેલ્વેનોમીટર |
| | (B) | રેહોસ્ટેટ |
| | (C) | પાવર સપ્લાય |
| | (D) | જ્ઞાત અવરોધ |
| | (E) | NOT ATTEMPTED |
| 93. | | કયા પ્રકારનો વ્હીસ્ટન બ્રીજ તાપમાનના માપન માટે વપરાય છે ? |
| | (A) | સંતુલિત |
| | (B) | અસંતુલિત |
| | (C) | કેલ્વીન બ્રીજ |
| | (D) | કેરી ફોસ્ટર બ્રીજ |
| | (E) | NOT ATTEMPTED |
| 94. | | મીટર-બ્રિજનો ઉપયોગ ............ ના માપન માટે થાય છે. |
| | (A) | વિદ્યુત પ્રવાહ |
| | (B) | અવરોધ |
| | (C) | વિદ્યુત સ્થિતિમાન |
| | (D) | પાવર |
| | (E) | NOT ATTEMPTED |
| 95. | | મૂળભૂત રીતે પોટેન્શિયો મીટર એવું ઉપકરણ છે જે .................. માટે વપરાય છે. |
| | (A) | વોલ્ટેજ માપન |
| | (B) | બે વોલ્ટેજની તુલના |
| | (C) | બે પ્રવાહની તુલના |
| | (D) | પાવર માપન |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 96. | | જુલના ઉષ્માના નિયમ મુજબ વાહકમાં ઉત્પન્ન થતી ઉષ્માએ .............. ના સમપ્રમાણમાં હોય છે. (I વિદ્યુતપ્રવાહ છે) |
| | (A) | I |
| | (B) | $I^2$ |
| | (C) | $I^3$ |
| | (D) | $\sqrt{I}$ |
| | (E) | NOT ATTEMPTED |
| 97. | | ઈલેક્ટ્રોલીસીસ દરમિયાન કેથોડ પાસે શું થાય છે ? |
| | (A) | ઓક્સીડેશન |
| | (B) | રીડકશન |
| | (C) | ઓક્સીડેશન અને રીડકસન બંને |
| | (D) | કોઈ પ્રક્રિયા થતી નથી. |
| | (E) | NOT ATTEMPTED |
| 98. | | ફેરાડેનો ઈલેક્ટ્રોલીસીસના પ્રથમ નિયમ દર્શાવે છે કે ઈલેક્ટ્રોડ પર જમા થતા પદાર્થનું દળ એ .................. સમપ્રમાણમાં હોય છે. |
| | (A) | પસાર કરેલ પ્રવાહના વર્ગને |
| | (B) | ઈલેક્ટ્રોડના પદાર્થના પરમાણુ ભારને |
| | (C) | વીજદ્રાવણના કુલ કદને |
| | (D) | વીજદ્રાવણમાંથી પસાર કરેલ વિદ્યુતભારના જથ્થાને |
| | (E) | NOT ATTEMPTED |
| 99. | | સીસાની સંગ્રાહક બેટરીને વીજભારીત કરવાની પ્રક્રિયા દરમિયાન એનોડ પર નીચેમાંથી કઈ પ્રક્રિયા થશે ? |
| | (A) | $PbSO_4$ નું Pb માં ઓક્સીડેશન થશે |
| | (B) | $PbSO_4$ નું Pb માં રીડકશન થશે |
| | (C) | $PbSO_4$ નું $PbO_2$ માં ઓક્સીડેશન થશે |
| | (D) | Pb નું $PbSO_4$ માં ઓક્સીડેશન થશે |
| | (E) | NOT ATTEMPTED |
| 100. | | સોલીડ સ્ટેટ બેટરીમાં કયા પ્રકારના વીજદ્રાવણ/ઈલેક્ટ્રોલાઈટનો ઉપયોગ થાય છે ? |
| | (A) | એસિડનું જલીય દ્રાવણ |
| | (B) | કાર્બનિક પ્રવાહી દ્રાવક |
| | (C) | પોલીમર કે સિરામિક જેવા પદાર્થો |
| | (D) | લીથીયમ આયન જેલ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 101. | | પ્રમાણભૂત થર્મોકપલમાં તાપમાન માપન માટે કઈ તાપ–વિદ્યુત અસર વપરાય છે ? |
| | (A) | થોમસન અસર |
| | (B) | જૂલ અસર |
| | (C) | પેલ્ટીયર અસર |
| | (D) | સીબેક અસર |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 102. | | થર્મોકપલના તટસ્થ તાપમાને, થર્મો – emf ............. હોય છે. |
| | (A) | મહત્તમ |
| | (B) | ન્યુનતમ |
| | (C) | શૂન્ય |
| | (D) | ઠંડા જંકશનના તાપમાન જેટલો |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 103. | | જો પ્રવાહ – ધારિત એક વર્તુળાકાર લુપની ત્રિજ્યા બમણી કરવામાં આવે, જ્યારે પ્રવાહ અચલ રહે છે, તો તેની ચુંબકીય દ્વિધ્રુવી ચાકમાત્રા કેવી રીતે બદલાય છે ? |
| | (A) | તે અડધી થઈ જાય છે |
| | (B) | તે બમણી થઈ જાય છે |
| | (C) | તે ચારગણી થઈ જાય છે |
| | (D) | તે હતી તેટલી જ રહે છે |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 104. | | સમાન ચુંબકીય ક્ષેત્રમાં પ્રવાહ–ધારિત ગુંચળા પર લાગતું પરિણામી બળ કેટલું હોય છે ? |
| | (A) | તે હંમેશા મહત્તમ હોય છે |
| | (B) | અનંત |
| | (C) | શૂન્ય |
| | (D) | ગુંચળાની અભિમુખતા પર આધાર રાખે છે |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 105. | | જો એક ઈલેક્ટ્રોન r ત્રિજ્યાની વર્તુળમય કક્ષામાં V ઝડપથી પરીક્રમણ કરતો હોય, તો તેની ચુંબકીય દ્વિધ્રુવી ચામાત્રા .......... વડે અપાય છે. |
| | (A) | evr |
| | (B) | evr/2 |
| | (C) | evr/4 |
| | (D) | 2evr |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 106. | બ્હોર કક્ષામાં કક્ષીય ચુંબકીય દ્વિધ્રુવી ચાકમાત્રા ($\mu$) એ મુખ્ય ક્વોન્ટમ અંક (n) સાથે કેવી રીતે બદલાય છે ? | |
| | (A) | $\mu \propto n$ |
| | (B) | $\mu \propto n^2$ |
| | (C) | $\mu \propto n^3$ |
| | (D) | $\mu$ એ n થી સ્વતંત્ર હોય છે |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 107. | એક નાના ગજીયા ચુંબકની અક્ષીય રેખાની દિશામાં ચુંબકીય ક્ષેત્ર (B) એ અંતર (r) સાથે કેવી રીતે ચલે છે ? | |
| | (A) | $B \propto \frac{1}{r}$ |
| | (B) | $B \propto \frac{1}{r^2}$ |
| | (C) | $B \propto \frac{1}{r^3}$ |
| | (D) | $B \propto r^3$ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 108. | પૃથ્વીના ચુંબકીય ધ્રુવો પાસે ચુંબકીય નમન કોણ કેટલો હોય છે ? | |
| | (A) | $0^0$ |
| | (B) | $45^0$ |
| | (C) | $90^0$ |
| | (D) | $180^0$ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 109. | નીચેના પદાર્થોમાંથી કયો ઋણ ગ્રાહ્યતા (સસેપ્ટીબીલીટી) ધરાવે છે ? | |
| | (A) | પેરામેગ્નેટિક |
| | (B) | અ-ચુંબકીય |
| | (C) | ડાયામેગ્નેટિક |
| | (D) | ફેરોમેગ્નેટિક |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 110. | જો એક કાયમી ચુંબકને તેના ક્યુરી તાપમાનથી વધુ ગરમ કરવામાં આવે તો શું થાય ? | |
| | (A) | તે ડાયામેગ્નેટિક પદાર્થમાં ફેરવાય છે |
| | (B) | તે સંપૂર્ણ રીતે ચુંબકત્વ ગુમાવે છે |
| | (C) | તેનું ચુંબકત્વ વધે છે |
| | (D) | તે ઈલેક્ટ્રોમેગ્નેટ બની જાય છે |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 111. | | જો એક AC પરીપાથના RMS વોલ્ટેજ 220V હોય તો તેના અંદાજીત પીક વોલ્ટેજ કેટલા થશે ? |
| | (A) | 110 V |
| | (B) | 195 V |
| | (C) | 311 V |
| | (D) | 440 V |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 112. | | જો AC ઉદ્‌ગમની આવૃત્તિ વધારવામાં આવે તો સંધારણ પ્રતિઘાત (કેપેસીટીવ રીએક્ટન્સ) ............ . |
| | (A) | વધશે |
| | (B) | ઘટશે |
| | (C) | અચલ રહેશે |
| | (D) | શૂન્ય થશે |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
| 113. | | શ્રેણી LCR પરિપથ માટે ફેઝર આકૃતિ બતાવે છે કે ગુંચળાને સમાંતર વોલ્ટેજ એ પ્રવાહ કરતા ....... આગળ હોય છે. |
| | (A) | $0^0$ |
| | (B) | $45^0$ |
| | (C) | $90^0$ |
| | (D) | $180^0$ |
| | (E) | NOT ATTEMPTED |

| | | |
|---|---|---|
